જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૮૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૦	૧૧૭૨૭	૧૭૮૩૭	૦	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૧	૧૨૨	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૩૭૪	૨૬	૭૪૪૦૦	૭૫૪૭૩	૨૭	૭૫૫૦૦
કુલ		૯૦૯૫૫	૨૭	૯૦૯૮૨	૯૯૯૮૯	૨૭	૧,૦૦,૦૧૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૩૯	/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯૭	૨,૯૭,૦૦૦/-

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

સુરેન્દ્રનગર પાર્સિંગની બલેનો ફોરવ્હીલ ગાડીમાંથી બનાવટી રબ્બર સ્ટેમ્પ (સીલ) નંગ-૦૨, ટેક્ષ ઈન્વોઈસ બિલ તથા ગેરકાયદેસરના ભારતીય બનાવટના વિદેશીદારુના બિયરના ટીન નંગ-૨૬૪ કિ.રૂ.૩૪૩૨૦/- તથા સહીતના સાધનો સાથે કુલ્લે કિ.રૂ.૫૪૧૫૩૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " ડીવીજન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ મળેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા જણાવતાં આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૬૫૦૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ બ.નં.૫૦૯૭ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " એક ઈસમ બલેનો ફોરવ્હીલ ગાડી નં.જીજે.૧૩.એએચ.૫૩૪૪ ની અંદર કેટલોક ભારતીય બનાવટના વિદેશીદારુની બિયરના ટીનનો જથ્થો ભરી લઈ નારોલ સર્કલ તરફથી આવી અત્રે થઈ અસલાલી રીંગરોડ તરફ જવાનો છે." જે બાતમી હકિકત આધારે પંચો રૂબરૂ વોચમાં રહેતાં બાતમી હકિકતમાં જણાવેલ નંબરવાળી બલેનો ફોરવ્હીલ ગાડી એક ઈસમ ચલાવી લઈ આવતાં તેને રોકી નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ નરેશ ભરતકુમાર જાતે રોજાસરા (સોની) ઉ.વ.૨૯ ધંધો.વેપાર રહે.મ.નં.બી/૩/૩૦૨, સ્વતંત્રતા એપાર્ટમેન્ટ, રજવાડુ હોટલની બાજુમાં જીવરાજપાર્ક વાસણા અમદાવાદ શહેર તથા હાલ રહે.મ.નં.૨૪, પ્રજાપતિ પાર્ક, પ્રજાપતિ વાડીની બાજુમાં, બહુચર હોટલની પાછળ સુરેન્દ્રનગરનો હોવાનુ જણાવેલ. અને તેની પાસીએ બલેનો ફોરવ્હીલ ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશીદારુના બિયરના ટીન નંગ-૨૬૪ કિ.રૂ.૩૪૩૨૦/- તથા તથા મોબાઈલ ફોન નંગ-૦૩ કિ.રૂ.૭૦૦૦/- તથા બનાવટી ટેક્ષ ઈન્વોઈસ બિલ નંગ-૦૨ અને બનાવટી રબ્બર સ્ટેમ્પ (સીલ) નંગ-૦૨ ની કિ.રૂ.૦૦/૦૦ તથા અલગ અલગ બેંકના અસલ ડેબીટકાર્ડ, ક્રેડીટકાર્ડ, પેટીએમ કાર્ડ તથા આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ, ફોરવ્હીલ ગાડીની આર.સી.બુકની કલર ઝેરોક્ષ કોપીઓની કુલ્લે કિ.રૂ.૦૦/૦૦ તથા રોકડા નાણા રૂ.૨૧૦/- તથા બલેનો ફોરવ્હીલ ગાડીની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫,૪૧,૫૩૦/- ની મત્તાનો મુદ્દામાલ મળી આવેલ હોય

જેમાં ભાગીદાર રવિ ભગવાનભાઈ સોલંકી રહે.સનરાઈઝ સોસાયટી દાલમીલ મીલ સુરેન્દ્રનગર તથા મોકલનાર રમાકાંત તિવારી રહે.મુંબઈ મહારાષ્ટ્ર તથા વિદેશીદારુના બિયરના ટીન લેનાર કનકસિંહ ઉર્ફે કાનાભાઈ જેશીંગભાઈ ડોડીયા રહે.ડેમ પાસે વડનગર જી.સુરેન્દ્રનગર નાઓએ ભેગા મળી ગુનો કરવાના ઈરાદાથી બનાવટી અને ખોટા રબ્બર સ્ટેમ્પ(સીલ) તથા ટેક્ષ ઈન્વોઈસ બિલ બનાવડાવી મારી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ગુનો કરેલ હોય જેઓ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૮૯૨/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા ઈપીકો કલમ ૪૬૫, ૪૭૧, ૪૭૩ મુજબનો ગુનો દાખલ કરાવી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૩૦/૧૧/૨૦૨૧

<u>ગુનાની એમ.ઓ.</u> : આ કામના આરોપીઓ બહારના રાજયમાંથી ગેરકાયદેસરનો વિદેશીદારુનો જથ્થો લાવવા માટે બનાવટી અને ખોટા ટેક્ષ ઈન્વોઈસ બિલ બનાવી ટ્રાન્સપોર્ટમાં ભરાવી લાવી બિલ તથા બિલ્ટીમાં બનાવટી અને ખોટા રબ્બર સ્ટેમ્પ (સીલ) મારી તેનો ખરા તરીકે ઉપયોગ કરી આ ગુનાને અંજામ આપેલ છે.

<u>ગુનાહિત ઈતિહાસ</u> : આ કામમાં પકડાયેલ આરોપી વિરુધ્ધમાં અગાઉ સુરેન્દ્રનગર જીલ્લાના એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તથા અમદાવાદ શહેરના પાલડી પોલીસ સ્ટેશનમાં વિદેશીદારુના ગુનાઓ નોધાયેલ છે.







નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૭૬ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૪૫૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૮૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૮૫/૨૦૨૧**

બાપુનગરઃ ધિરજકુમાર સ/ઓ દર્શનલાલ ધાવરી (ઉ.વ.૪૦) (રહે. પ્રકાશગલી, ચાંદીબજારની બાજુમાં, ઠક્કરબાપાનગર) એ તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધિરજકુમાર પૈસા ટ્રાન્સફર કરતા હતા ત્યારે અન્ય ખાતામાં રૂપિયા ૧,૦૦,૦૦૦/- ટ્રાન્સફર થતા ધિરજકુમારે ખાતુ ડેબીટ ફ્રીજ કરાવ્યુ હતુ. ત્યારબાદ તા.૨૪/૦૮/૨૦૨૧ ના રોજ ગુગલ ઉપરથી કસ્ટમર કેર નંબર મેળવી વાત કરતા મોબાઈલ નંબર ૮૩૭૨૯૧૫૬૮૦ અને ૯૭૪૯૫૩૬૧૬૬ ના ધારકે પૈસા પરત મેળવવા પ્રોસેસ કરાવી ઓનલાઈન છેડા કરી ધિરજકુમારના ખાતામાંથી કુલ રૂપિયા ૭,૮૭,૯૯૧/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૧) પ્રીતિબેન જીજ્ઞેશભાઇ મિસ્ત્રી (રહે. પુષ્પ રેસીડેન્સી નીગમ બસ સ્ટેન્ડ પાસે ઘોડાસર) એ તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રીતિબહેનના ઈન્સટાગ્રામ ઉપર આવેલ ફ્રેનડ રિક્વેસ્ટ આવતા પ્રીતિબહેને એક્સેપ્ટ કરતા તેમની સાથે મિત્રતા થઈ હતી. ત્યારબાદ વોટસએપ મોબાઈલ નંબર ૩૪૬૩૨૯૪૨૫૦૯ પરથી વાત કરી પોતે ગાયનેક સેંડ્રીક નામ આપી ડૉક્ટર હોવાની ઓળખ આપતા પ્રીતિબહેનને ગાયનેકની તકલીફ હોઈ તેમની સાથે વાત કરતા તેઓએ મેડીસીન મોકલી આપવાની વાત કરી હતી. તા.૨૧/૧૨/૨૦૨૦ ના રોજ મોબાઈલ નંબર ૮૭૨૯૯૪૭૦૨૪, ૮૨૫૭૦૭૬૨૫૪ ધારકોએ દિલ્હી ડેલ્ટા કુરીયર કંપનીમાંથી વાત કરતા હોવાનુ જણાવી કુરીયર છોડાવવા ટેક્સ પેટે તેમજ કુરીયરમાં ડોલર હોવાથી ભારતીય ચલણ ટ્રાન્સફર કરવા અલગ-અલગ ચાર્જ જણાવી કુલ રૂપિયા૨,૮૫,૦૦૦/- ઓનલાઈન ભરાવડાવી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૨) બીમલ સ/ઓ કિર્તિકુમાર શાહ (ઉ.વ.૫૪) (રહે. સ્વીટ હોમ સોસાયટી) એ તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેબર/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન બીમલ શાહના મોબાઈલ ઉપર hr@cropscience-bayer.com મેઈલ આઈડી ઉપરથી પોલેન્ડ ખાતે નોકરી મેળવવા મેઈલ આવતા બીમલ શાહે નોકરી માટે મેઈલમાં આવેલ વિગતમાં પોતાનો બાયોડેટા મોકલી આપતા મોબાઈલ નંબર +48-73-223-1162 WOJCIECH SZYMON તેમજ +91-11-411-69551 ANASTAZJA TADEUSZ ના ધારક એ પોલેન્ડમાં નોકરી આપવાના બહાને અલગ-અલગ પ્રોસેસ માટે કુલ રૂપિયા ૫,૮૩,૧૩૩/- ઓનલાઈન ભરાવડાવી મેળવી લઈ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન. દેસાઈ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૩) ગાયત્રીબહેન વા/ઓ હીતેન્દ્રકુમાર મકવાણા (ઉ.વ.૨૩) (રહે. સજલ પાર્ક અમરનાથ રોડ પાસે કેનાલ હરીદર્શન રોડ ન્યુ નરોડા) એ તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૮૬૯૩૮૧૬૭૨૯ ના ધારક રાકેશભાઇ ત્રિવેદી, ૯૦૮૧૪૯૮૨૪૦ તથા બ્રાંચ હેડ જેમનો મોબાઈલ નંબર.૭૮૭૮૫૩૬૩૯૪ ના ધારક પુષ્પાબહેન રવિરાજભર તથા મોબાઈલ નંબર ૯૯૭૮૮૯૨૮૩૮ ના ધારકોએ ભેગા મળી આર.પી.એંટરપ્રાઇઝ પુષ્પ બિઝનેસ કેમ્પસ એ/૪૦૫,ચોથો માળ વસ્ત્રાલ મેટ્રો સ્ટેશન પાસે ન્યુ સરગમ હોટલ વસ્ત્રાલ ખાતે ઓફીસ રાખી કેપીટલ ફાયનાંસના નામે ગ્રાહકોને જુદીજુદી લોન આપવાના બહાને ગાયત્રીબહેન તેમજ અન્ય ૫૯ ગ્રાહકો પાસેથી લોન પાસ કરાવવા અલગ-અલગ પ્રોસેસ પેટે કુલ રૂપિયા ૪,૪૮,૫૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૧૮૬/૨૦૨૧**

રામોલઃ ક્રીષ્ણા રઘુવીર પ્રજાપતી (રહે. ક્રીષ્ણાપાર્ક સોસાયટી વિભાગ-૨ જનતાનગર તલાવડી પાસે રામોલ) એ તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૧ કલાક ૨૪/૦૦ થી તા.૨૭/૧૧/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાનુ મંગળસુત્ર, સોનાની વીંટી, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૬૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ **સમાચાર યાદી નં.૨૧૮૭/૨૦૨૧**

વટવા જીઆઈડીસીઃ ફારૂખ (જેના પુરા નામની ખબર નથી) (ઉ.વ.૪૦) (રહે. ચંડોળા તળાવ ઇસનપુર) તા.૩૦/૧૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે વિંઝોલ ગામ રબારીવાસ ખાતે રસોડા કારીગર તરીકે કામ કરતા હતા ત્યારે લોખંડના થાંભલાને અડતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૪/૦૭ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.રાઠોડ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૧૮૮/૨૦૨૧**

શહેરકોટડાઃ પવનકુમારી તગારામ મેઘાવાલ (ઉ.વ.૧૯) (રહે. જીવન એપાર્ટમેન્ટ મણીનગર) તા.૦૭/૧૦/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૧/૨૦૨૧ કલાક ૯/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૧૮૯/૨૦૨૧**

શાહપુરઃ મહેશભાઈ સ/ઓ મેઘાજી ચૌહાણ (ઉ.વ.૪૦) (રહે. ગેમર માસ્તરનાં છાપરાં શાહપુર મિલ કમ્પાઉન્ડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી. એસ.ડી.સોલંકી ચલાવે છે.

કૃષ્ણનગરઃ વર્ષાબહેન વા/ઓ ભાવેશજી ઠાકોર (રહે. જીવા ગંગારામની ચાલી શીતલ પાર્કની બાજુમાં કુબેરેશ્વર મહાદેવ સૈજપુર બોધા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.